# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

NAAC "A" (3.02) State University

પો.બો.નં.૨૧, યુનિવર્સિટી રોડ, પાટણ–૩૮૪૨૬૫ (ઉ.ગુ.)

**પરિપત્ર ક્રમાંક/ ૯૦૪ /૨૦૧૭**

**વિષય : શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮ માં અનુસ્તાનક ભવન અને યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ચાલતા અનુસ્નાતક કેન્દ્રોમાં એમ.એ.સેમેસ્ટર – ૧ અને એમ.કોમ. સેમેસ્ટર–૧માં ઓન લાઈન પ્રવેશ અંગે**

આ યુનિવર્સિટી સંલગ્ન આર્ટસ અને કોમર્સ કોલેજોના અનુસ્નાતક કેન્દ્રો અને યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોમાં ચાલતાં **એમ.એ. સેમ – ૧ અને એમ.કોમ.સેમ – ૧** અભ્યાસક્રમમાં પ્રવેશની કાર્યવાહી જે તે સંસ્થા દ્વારા કરવામાં આવતી હતી.

જુન–૨૦૧૭ થી શરુ થતા શૈક્ષણિક વર્ષમાં પ્રવેશની બાબતમાં એકસૂત્રતા જળવાય. શૈક્ષણિક કાર્ય એક સાથે શરૂ થઈ શકે તેમજ વિદ્યાથીઓને યુનિવર્સિટી વિભાગ કે કોલેજ પસંદગી કરવામાં અનુકૂળતા વધે તે હેતુસર **એમ.એ. સેમ – ૧ અને એમ.કોમ.સેમ – ૧** માં વર્ગમાં વિદ્યાર્થીઓને યુનિવર્સિટી ધ્વારા ઓન લાઈન પ્રવેશ આપવાનું નકકી કરવામાં આવેલ છે.

ઓન લાઈન પ્રવેશ ફોર્મ યુનિવર્સિટી વેબ સાઈટ www.ngu.ac.in પર મુકવામાં આવશે. વિદ્યાર્થીએ ઓન લાઈન પ્રવેશ ફોર્મ ભરી, તેની પ્રિન્ટ આઉટ કાઢી,પ્રવેશ ફોર્મની હાર્ડકોપીની નકલ, સાથે જરૂરી ફોટો લગાવી પ્રમાણપત્રો, જેવા કે એલ.સી.ની નકલ , આધાર કાર્ડની નકલ, સ્નાતક અભ્યાસક્રમની સમેસ્ટર – ૧થી ૬ની તમામ માર્કસીટોની પ્રમાણિત નકલ, સરકારશ્રીના નિયમ મુજબનો SC,ST,OBC,PC, જાતિ અંગેનો દાખલો, OBC ના વિદ્યાર્થીઓ એ જાતિ અંગેનો દાખલો, તા. ૧/૪/૨૦૧૭ પછીનું નોન ક્રિમિલેયરનો દાખલો જોડી વિદ્યાર્થી જે યુનિવર્સિટી ના અનુસ્નાતક વિભાગ કે કોલેજના અનુસ્નાતક કેન્દ્રોમાં પ્રવેશ લેવા ઈચ્છતા હોય તે તમામ અનુસ્નાતક વિભાગ કે કોલેજના અનુસ્નાતક કેન્દ્રોમાં ફોર્મ ફી પેટે રૂા. ૧૦૦ /– (અંકે રૂા. એકસો પૂરા) સાથે નિયત સમય મર્યાદામાં જમા કરાવીને પ્રવેશ ફોર્મ મળ્યા અંગેની પાવતી મેળવી લેવાની રહેશે.

યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગ / કોલેજના અનુસ્નાતક કેન્દ્રોમાં વિદ્યાર્થીઓએ જમા કરાવેલ ફોર્મની પાવતી આપવાની રહેશે. ફોર્મની ચકાસણી કરીને તેની વિષય વાર મેરીટ યાદી બનાવી કોલેજના નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધ કરી વિષયવાર મેરીટ ગુણના ક્રમાનુસાર કેટેગરી ધ્યાને લઈને વિદ્યાથીઓને પ્રવેશ આપવાનો રહેશે. આ પ્રવેશયાદી યુનિવર્સિટીને મોકલી આપવાની રહેશે.

# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

NAAC "A" (3.02) State University

પો.બો.નં.૨૧, યુનિવર્સિટી રોડ, પાટણ–૩૮૪૨૬૫ (ઉ.ગુ.)


વિદ્યાર્થીને અસલ માર્કસીટ મળી ન હોય તેવા કિસ્સામાં પ્રવેશ ફોર્મ સાથે ઈન્ટરનેટ પર મૂકેલ માર્કશીટ વિદ્યાર્થીએ સ્વયં પ્રમાણિત કહેલ હોય તે ધ્યાને લેવાની રહેશે. પરંતું પ્રવેશ દરમિયાન અસલ માર્કશીટ ની ચકારણી કરી પ્રવેશ આપવો. વિદ્યાર્થીઓને વિષય અને કોલેજ પસંદગી માટે યુનિવર્સિટી સંલગ્ન આર્ટસ અને કોમર્સ કોલેજોના અનુસ્નાતક કેન્દ્રની યાદી અને તેમાં ચાલતા વિષયોની યાદી યુનિવર્સિટી વેબ સાઈટ www.ngu.ac.in પર મૂકવામાં આવેલ છે.

પ્રવેશને લગતી સૂચનાઓ અને કાર્યક્રમ યુનિવર્સિટી વેબ સાઈટ પર પ્રસિધ્ધ કરવામાં આવશે. તેથી અનુસ્નાતક વિભાગો /કોલેજના અનુસ્નાતક કેન્દ્રો તેમજ પ્રવેશ ફોર્મ ભરેલ તમામ વિદ્યાર્થીઓએ સમયાન્તરે યુનિવર્સિટી વેબ સાઈટ જોતા રહેવું

ઓન લાઈન પ્રવેશ અંગેની ઘટતી કાર્યવાહી કરવી તેમજ વિદ્યાર્થીઓની જાણકારી માટે આપની કોલેજના નોટીસ બોર્ડ પર સદર પરિપત્ર અચૂક મૂકવા વિનંતિ .

(ડૉ. ડી.એમ.પટેલ)
કા.કુલસચિવ

નં.એકે/અનુ/કેન્દ્ર/૩૨૩૦/૨૦૧૭
તા.૧૮/૦૫/૨૦૧૭

પ્રતિ,

(૧.) યુનિવર્સિટી સંલગ્નઅનુસ્નાતક કેન્દ્રો ચલાવતી તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ.

(૨.) અનુસ્નાતક વિભાગના અધ્યક્ષશ્રીઓ તરફ (અંગ્રેજી, સંસ્કૃત)

(૩.) મધ્યસ્થ પ્રવેશ એકમ

જાણ તેમજ અમલ કરવા સારૂ.

<u>નકલ રવાના :–</u>

(૧) સીસ્ટમ એનાલીસ્ટશ્રી,
કોમ્પ્યુટર સેન્ટર વેબસાઈટ પર મૂકવા સારૂ.

(૨) મુખ્ય હિસાબી અધિકારીશ્રી/ મહેકમ અધિકારીશ્રી,